Publication - Newsline Sidha Samachar
Edition - Ahmadabad
Date - 07.10.2011
Page - 03
Readership figures: 135,000

# ગાંધીનગર ખાતે આઈશર દ્વારા ૧૦ રિઅર એન્જિન સેમી લો ફ્લોર અદ્યત્તન સીટી બસ રજૂ કરવામાં આવી




ગાંધીનગર, તા. ૬

વીઈસીવીના બિઝનેસ ક્ષેત્ર આઈશર ટ્રક્સ એન્ડ બસીઝ દ્વારા ગુજરાત રાજ્ય રોડ ટ્રાન્સપોર્ટને ૧૦ રિઅર એન્જિન સેમી લો ફલોર (આરઈએસએલએફ)નો પ્રથમ જથ્થો સુપરત કરવામાં આવ્યો છે.

આઈશર ટ્રક્સ એન્ડ બસીઝના સેલ્સ એન્ડ માર્કેટીંગના સીનીયર વાઈસ પ્રેસીડન્ટ જી. સેકરે આ વાહનોની ચાવીઓ ગુજરાત સરકારના નાણાં અને પરિવહન મંત્રી માનનીય શ્રી વજુભાઈ વાળાને ગાંધીનગર ખાતે જીએસઆરટીસીમાં આયોજીત એક ભવ્ય સમારંભમાં સુપરત કરી હતી. શ્રી સેકરે જણાવ્યું હતું કે, 'અમે ગુજરાત રાજ્ય સરકાર અને ખાસ કરીને અમારામાં વિશ્વાસ મુકનાર જીએસઆરટીસી મેનેજમેન્ટના આભારી છીએ, જેમણે અમને રાજ્યના માળખાગત વિકાસમાં સસહહયોગી બનવા માટે તક આપી.' આ આધુનિક સીટી બસોમાં પાછળની બાજુએ એન્જિન છે અને તેનું ફ્લોર નીચું રાખવામાં આવ્યું છે, જેથી પ્રવાસીઓને બસમાં ચડ ઉતર કરવામાં અને પ્રવાસમાં

આસાની રહે છે. તેમાં એક કે બે પગથિયાં જ હોવાથી લોકો આસાનીથી બસમાં ચડઉતર કરી શકે છે. તેનાથી બસને થોભવાનો સમય પણ ઘટે છે.

વર્ષ ૨૦૧૦માં આયોજિત ઓટો એક્સ્પોમાં આઈશરે તેની રિઅર એન્જિન સેમી લો ફલોર સીટી બસનું મોડેલ પ્રથમ વખત રજૂ કર્યુ હતું. આ બસ ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલયની જેએનએનયુઆરએમ યોજનાની માર્ગદર્શિકા અનુસાર તૈયાર કરવામાં આવી છે. આઈશર દ્વારા સીટી બસ સીગમેન્ટમાં જીએસઆરટીસી દ્વારા ૨૦ બસોનો ઓર્ડર પ્રાપ્ત કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ દ્વારા આઈશરની મધ્યમ અને ભારે કામગીરી માટેની બસોમાં સફળતા દર્શાવવાનો હેતુ છે. આ વર્ષની શરૂઆતમાં આઈશરે તેની ફ્રન્ટ એન્જિન હેવી ડ્યુટી બસીસનો સુધારેલા મોડેલ રજૂ કર્યા હતા. આઈશર દ્વારા તેનુ નવું મોડેલ આઈશર ૧૧.૧૨ રજૂ કરવામાં આવ્યું છે જે ૧૨ ટન જીવીડબલ્યુ-૪૬૫૦ એમએમ વ્હીલબેઝ પ્લેટફોર્મ ધરાવે છે. બસ ઉદ્યોગે વર્ષ ૨૦૧૧માં પ્રથમ ૯ મહિનામાં ૮ ટકા જેટલો ઘટાડો અનુભવ્યો હોવા છતાં આઈશર બસોના માર્કેટ શેર આ જ ગાળામાં ૩૨ ટકા રહ્યો છે